# S. U. G. College of Education, vasna, Ahmedabad

## અભ્યાસક્રમ વિકાસ ના સિદ્ધાંતો

**Dr. Kiranben Jayantilal Patel**

# અભ્યાસક્રમ ના પ્રકાર અને અભિગમ

- **અભ્યાસક્રમ ના અભિગમો**

- 1. વર્તણૂંક કે તર્કસંગત અભિગમ(Behavioural –Rational Approach )
- 2. તંત્ર કે સંચાલકીય અભિગમ (System – Managerial Approach )
- 3. બૌદ્ધિક કે શૈક્ષણિક અભિગમ(Intellectual-Academic Approach )
- 4. માનવતાવાદી કે સૌંદર્યલક્ષી અભિગમ(Humanistic-Aesthetic )

Dr. Kiranben Jayantilal Patel

# અભ્યાસક્રમના અભિગમ

- અધ્યેતા  સમક્ષ રજૂ કરવા નું વિષયવસ્તુ અને શીખવવાની પ્રવૃત્તિઓની વ્યવસ્થિત રજૂઆત એટલે અભ્યાસક્રમ  અભિગમ.
- અભ્યાસક્રમ વિકાસ નાઅભિગમ ચાર પગલાને  અનુસરે છે.  હેતુઓની પસંદગી, શીખવાના અનુભવોની પસંદગી,  અનુભવોનું સંગઠન, અને તેનું મૂલ્યાંકન

અભિગમ એ અભ્યાસક્રમને જોવાનો એક નજરિયો  છે.

Dr. Kiranben Jayantilal Patel

# અભ્યાસક્રમ અભિગમ ના પ્રકાર

- અભ્યાસક્રમ અભિગમને બે પ્રકારમાં વહેચવામાં આવે છે

- 1. તકનીકી કે વૈજ્ઞાનિક અભિગમ: આ પ્રકારના અભિગમ શાળામાં પરંપરાગત શિક્ષણ કે ઔપચારિક શિક્ષણને છતું કરે છે

દા. ત. 1. વર્તણૂક કે તર્કસંગત અભિગમ

2. તંત્ર કે સંચાલકીય અભિગમ

3. બૌદ્ધિક કે શૈક્ષણિક અભિગમ

Dr. Kiranben Jayantilal Patel

# અભ્યાસક્રમ અભિગમ ના પ્રકાર

- અભ્યાસક્રમ  અભિગમનો બીજો પ્રકાર છે બિન તકનીકી કે અવૈજ્ઞાનિક અભિગમ

આ પ્રકારનો અભિગમ પરંપરાગત કે ઔપચારિક  શિક્ષણને પડકારી શિક્ષણમાં પરિવર્તન આવકારે છે

દા. ત. માનવતાવાદી કે સૌંદર્યલક્ષી અભિગમ

Dr. Kiranben Jayantilal Patel

# વર્તણૂક કે તર્કસંગત અભિગમ

- શિક્ષણનું આ સૌથી જૂનો અભિગમ છે. આ અભિગમ વિષય કેન્દ્રી અભ્યાસક્રમને અનુસરે છે. તે વર્તન સાથે જોડાયેલ છે. જેમાં વિદ્યાર્થી નું અવલોકી અને માપી શકાય તેવું વર્તન સંકળાયેલ છે. અભિગમ તાર્કિક તકનીકી વર્ણનાત્મક અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત છે.

- શૈક્ષણિક અનુભવો પુરા પાડયા પછી વિદ્યાર્થીઓમાં શું વર્તન પરિવર્તન જોવા મળ્યું અને તે કઈ રીતે માપવું તે આ અભિગમમાં જોવા મળે છે. આ અભિગમમાં શિક્ષણના હેતુઓ વિષયવસ્તુ પદ્ધતિ અને આયોજનનો સમાવેશ થાય છે

Dr. Kiranben Jayantilal Patel

# વર્તણૂક કે તર્કસંગત અભિગમ

- દા. ત.  નિદાનની જરૂરિયાત,    હેતુઓની રચના, વિષયવસ્તુની પસંદગી,  વિષયવસ્તુનું ગઠન, શૈક્ષણિક અનુભવોની પસંદગી, શૈક્ષણિક અનુભવોનું ગઠન,  તેનું મૂલ્યાંકન એટલે વર્તણુક અભિગમ.

Dr. Kiranben Jayantilal Patel

# તંત્ર કે સંચાલકીય અભિગમ

- તંત્ર અભિગમ એ પરસ્પરાવલંબી પાસા વિશે વિચારણા કરી પરસ્પર વિશે સંબંધ પ્રસ્થાપિત કરી સળંગસૂત્ર પ્રક્રિયા તૈયાર કરી તેના અમલીકરણ દ્વારા એવી નીપલ ઉપસી આવે કે જેથી તેમાં મહત્તમ અને યોગ્ય ત્તમ લાભ થાય

- અહીં ઇનપુટ અને આઉટપુટ જેવા પ્રક્રિયાના સોપાનો ગણવામાં આવે છે
- શિક્ષણના ક્ષેત્રમાં ઇનપુટ તરીકે વિદ્યાર્થીઓ શિક્ષકો વિષયવસ્તુ અને સામગ્રીમાં ગણવામાં આવે છે. અને આઉટપુટ તરીકે શૈક્ષણિક સિદ્ધિ ને ગણવામાં આવે છે

- અહીં લોકોની આવડત, કૌશલ્યો, વલણો, સમજમાં પરિમાર્જન થવું તેનો સમાવેશ થાય છે જ્યારે પ્રક્રિયામાં વિષય શિક્ષણની પદ્ધતિ, માધ્યમ, પ્રવિધિ રજૂઆતની છટા નો સમાવેશ થાય છે

**Dr. Kiranben Jayantilal Patel**

# વર્ગખંડમાં system approach નો અમલ

- 1. શિક્ષણ કામની પૂર્ણતા બાદનું અપેક્ષિત વર્તન
- 2 શિક્ષણ  કામની શરૂઆત થાય તે પહેલા અપેક્ષિત વર્તન
- 3 શિક્ષણ પ્રક્રિયાની શરૂઆત અને અમલ
- 4 મૂલ્યાંકન
- દા. ત  જ્યારે શોધવાની વિગતો અને આપેલી વિગતો દર્શાવતા કોઠા નું વર્ણન આપ્યું હોય ત્યારે તેની મદદથી આ લેખ દોરવો

Dr. Kiranben Jayantilal Patel

# બૌદ્ધિક કે શૈક્ષણિક અભિગમ

- અભ્યાસક્રમના આ પ્રકારના અભિગમમાં ઐતિહાસિક અને તાંત્રિક બાબતો આધારિત હોય છે અહીં સામાજિક સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવતી નથી

- આ પ્રકારનો અભિગમ વિદ્યાર્થીઓના therorical અને સ્કોલિસ્ટિક જ્ઞાનમાં વધારો કરે છે

- અહી વિદ્યાર્થીના બૌદ્ધિક સ્તર માં વિકાસ થાય છે. દા. ત વિદ્યાર્થીઓ પહેલા ઇંગ્લીશ કેવી રીતે ભણતા હતા અને આજે કેવી રીતે ભણી રહ્યા છે

Dr. Kiranben Jayantilal Patel

# બૌધ્ધિક અને શૈક્ષણિક અભિગમ

- આ પ્રકારના અભિગમને હેતુઓ :પાયાની સાક્ષરતા નો વિકાસ અને અંક જ્ઞાન નો વિકાસ, પાયાની તકનીકી આવડતો જેવી કે પ્રાયોગિક પ્રવુતિઓ અને કલાનો વિકાસ,
- આ અભિગમ મુખ્યત્વે ત્રણ પ્રકારનાશૈક્ષણિક વિષય ઉપર આધારિત છે
- 1. Communication skills and social science

  2. Mathematics and natural science

  3. Practical and technological Art

Dr. Kiranben Jayantilal Patel

# માનવતાવાદી કે સૌંદર્યલક્ષી અભિગમ

- આ પ્રકારના અભિગમમાં વ્યક્તિગત વિચારો ને સમર્થન આપવામાં આવે છે
- વિદ્યાર્થી વ્યક્તિ તરીકે પોતાને શોધે એ અભિગમનો મુખ્ય આશય છે
- આ વિદ્યાર્થી કેન્દ્રીય અભિગમ છે. વિદ્યાર્થી પૂર્વનિર્ધારિત બાબતોમાં ન પડતા પોતાની જાતને શોધી પોતાની સ્વતંત્રતા અને સ્વાયત્તતા ની ખોજ કરે. આ અભિગમ મા વ્યક્તિ વાદ, આત્મબોધ, આત્મ અન્વેષણ, વ્યક્તિ ના વિચારો, સર્જનાત્મકતા, સમસ્યાનો ઉકેલ અને સમાધાન, નવીનતા, નવોન્મેષ નો વિકાસ કરવો
- આ અભિગમમાં ગુણવત્તા જોવામાં આવે છે

Dr. Kiranben Jayantilal Patel

# માનવતાવાદી કે સૌંદર્યલક્ષી અભિગમ

- સોક્રેટિસે કહ્યું છે કે સંતુલિત અને સામ્રાજ્ય પૂર્ણ વ્યક્તિનું નિર્માણ કરે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ

- પ્લેટો એ પણ કહ્યું છે કે બાળક જન્મે ત્યારે સારા ગુણો લઈને જન્મે છે પરંતુ સમાજ અને વાતાવરણની અસરને કારણે તેનામાં ખરાબ ગુણ પેદા થાય છે

- માટે અભ્યાસક્રમ એવી બોધ કથાઓ, પ્રસંગો, વાર્તાઓ, ઘટનાઓ મૂકવી જોઈએ જે બાળકમાં મૂલ્યો, સુસંવાદી વિકાસ, માનવતા અને પોતાની જાતને ખોજ વાનો પ્રયત્ન કરે. માનવીય ગુણો નો વિકાસ કરી વ્યક્તિને પૂર્ણ માં બનાવે, મૂલ્યોનો વિકાસ કરે તેવી પ્રવૃત્તિઓ ને પણ સ્થાન આપવું જોઈએ

Dr. Kiranben Jayantilal Patel